# જ્ઞાનગંગા

યુનિવર્સિટી ન્યૂઝ



## ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

વર્ષ-૧૧ | અંક-૩૨ (આંતરિક વિતરણ) | ૧૬ એપ્રિલ, ૨૦૧૭







Dr. Babasaheb Ambedkar Open University
(Established by Government of Gujarat)
Second Annual
Convocation 2017














(Established by Government of


abasaheb Ambedkar






Annual
2017







# યુનિવર્સિટી ગીત



**સ્વાધ્યાયઃ પરમં તપઃ સ્વાધ્યાયઃ પરમં તપઃ**
**સ્વાધ્યાયઃ પરમં તપઃ**
**શિક્ષણ, સંસ્કૃતિ, સદ્‌ભાવ, દિવ્યબોધનું ધામ**
**ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી નામ;**
**સૌને સૌની પાંખ મળે, ને સૌને સૌનું આભ,**
**દશે દિશામાં સ્મિત વહે હો દશે દિશે શુભ-લાભ.**

**અભણ રહી અજ્ઞાનના શાને, અંધકારને પીવો ?**
**કહે બુદ્ધ આંબેડકર કહે, તું થા તારો દીવો;**
**શારદીય અજવાળા પહોંચ્યાં ગૂર્જર ગામે ગામ**
**ધ્રુવ તારકની જેમ ઝળહળે એકલવ્યની શાન.**

**સરસ્વતીના મયૂર તમારે ફળિયે આવી ગહેકે**
**અંધકારને હડસેલીને ઉજાસના ફૂલ મહેંકે;**
**બંધન નહીં કો સ્થાન સમયના જવું ન ઘરથી દૂર**
**ઘર આવી મા હરે શારદા દૈન્ય તિમિરના પૂર.**

**સંસ્કારોની સુગંધ મહેંકે, મન મંદિરને ધામે**
**સુખની ટપાલ પહોંચે સૌને પોતાને સરનામે;**
**સમાજ કેરે દરિયે હાંકી શિક્ષણ કેરું વહાણ,**
**આવો કરીયે આપણ સૌ ભવ્ય રાષ્ટ્ર નિર્માણ...**
**દિવ્ય રાષ્ટ્ર નિર્માણ... ભવ્ય રાષ્ટ્ર નિર્માણ...**

લેખન : પ્રો.(ડૉ.) રાજેન્દ્ર નાણાવટી, શ્રી ચંદ્રેશ મકવાણા, ડૉ. પંકજ એલ. જાની, પ્રો.(ડૉ.) અમી ઉપાધ્યાય, યુનિવર્સિટી પરિવાર
સ્વરાંકન : શ્રી ઉર્મિશભાઈ મહેતા અને કુમારી વૈશાલી મહેતા

## આપણી યુનિવર્સિટી

### ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની સ્થાપના

ગુજરાત રાજ્ય સરકાર દ્વારા દૂરદર્શિતા દાખવીને વર્ષ 1994માં રાજ્યનાં શૈક્ષણિક માળખામાં ઓપન યુનિવર્સિટી અને દૂરવર્તી શિક્ષણને શરૂ કરવા અને આગળ વધારવાના હેતુથી ગુજરાત રાજ્યમાં ઓપન યુનિવર્સિટી સ્થાપવાનો અધિનિયમ(ACT)- 'ગુજરાત ઍક્ટ નં.14' વિધાનસભામાં પસાર કરીને ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવી. યુનિવર્સિટીની સ્થાપના દિ.13 એપ્રિલ, 1994ના રોજ થઈ અને તેનું અમલીકરણ દિ.26 એપ્રિલ, 1994ના રોજ કરવામાં આવ્યું.

## મુદ્રા - ધ્યાનમંત્ર : અર્થબોધ

મુદ્રાનું **વર્તુળાકાર** સ્વરૂપ બીજ, ગર્ભાશય અથવા સૂર્યનું પ્રતીક છે; જેમાંથી સર્જનની શરૂઆત થાય છે. સમગ્ર ભાર સ્રોત-સ્વ-ઉપર છે.

**સમગ્ર મુદ્રામાં** એક પ્રકારની બદ્ધતા જોવા મળે છે, પણ સાથે સાથે એ જ્ઞાનપ્રાપ્તિ માટે ખુલ્લી જગ્યા ધરાવે છે. મુદ્રામાં રહેલી પ્રવાહિતા 'પરિવર્તનશીલતા' અને વિસ્તૃત વ્યાપ દર્શાવે છે; જે ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના લક્ષણો છે.

**'સ્વાધ્યાયઃ પરમં તપઃ'** - 'સ્વઅધ્યયન એ સર્વોચ્ચ તપ છે' એ મુદ્રાદર્શનનો આધાર છે. આપણી પાસે રહેલાં સાધનો અને આંતરિક શક્તિઓને જીવનમાં પ્રગતિ કરવા અને ઉમદા ધ્યેયો સિદ્ધ કરવા બહાર લાવવાનાં છે.

'સ્વાધ્યાયઃ પરમં તપઃ' - 'સ્વઅધ્યયન એ સર્વોચ્ચ તપ છે' અને 'જીવનપંથ ઉજાળ'-બંને સૂત્રોમાં એક સહિયારું તત્ત્વપ્રકાશ છે; જે **જ્યોતઃ** દ્વારા દર્શાવાય છે. જ્યોત - તપ, પ્રકાશ, ઝંખના, જ્ઞાન અને દર્શનનું પ્રતિનિધિત્વ કરે છે.

## યુનિવર્સિટીના ઉદ્દેશોઃ

- અત્યાધુનિક સંચારમાધ્યમો, માહિતી પ્રસારણ તથા જ્ઞાનસંપાદનની અનેકવિધ શક્યતાઓને ઉચ્ચશિક્ષણ ક્ષેત્રે લાગુ કરી વ્યાપક જનસમાજના બૌદ્ધિક, સામાજિક, સાંસ્કૃતિક, આર્થિક ઉત્કર્ષ માટે સક્રિયતાપૂર્વક પ્રયાસ કરવો.
- રાજ્યની વસ્તીના દરેક વર્ગને ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત કરવાની સમાન તકો પૂરી પાડવી.
- સમાજના શૈક્ષણિક ઉત્કર્ષને પ્રાથમિકતા આપવી.
- રાજ્યના શૈક્ષણિક માળખામાં ઓપન યુનિવર્સિટી અને દૂરવર્તી શિક્ષણપદ્ધતિને પ્રોત્સાહિત કરવી.

## યુનિવર્સિટીની વિશિષ્ટતાઓઃ

ગુજરાત રાજ્ય સરકારશ્રી દ્વારા વર્ષ 1994થી ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદની સ્થાપના કરવામાં આવેલ છે. આ યુનિવર્સિટીમાં સ્નાતક અને અનુસ્નાતક તથા વિવિધ વ્યવસાયલક્ષી અભ્યાસક્રમો ચલાવવામાં આવે છે અને વર્ષમાં બે વાર વિવિધ પ્રવેશ/પરીક્ષાની કામગીરી પણ કરવામાં આવે છે. યુનિવર્સિટી દ્વારા દર વર્ષે વિદ્યાર્થીઓને ડિગ્રી એનાયત કરવામાં આવે છે. રાજ્યની વિવિધ ગ્રાન્ટ-ઈન-એઈડ કૉલેજો/સરકારી કૉલેજો/અન્ય સંસ્થાઓમાં યુનિવર્સિટીના અભ્યાસકેન્દ્રો ચલાવવામાં આવે છે અને યુનિવર્સિટી દ્વારા માર્ગદર્શન/પરામર્શનની વ્યવસ્થા આ અભ્યાસકેન્દ્રોમાં કરવામાં આવેલ છે.

- ગુણવત્તાયુક્ત ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત કરવા માટે અનુકૂળ સમયે અને ઘેર બેઠાં અભ્યાસ કરવાની સગવડ.
- શહેર કે અંતરિયાળ ગામડામાં રહેતા સૌને સમાન ધોરણવાળું શિક્ષણ.
- જરૂરિયાત આધારિત વ્યવસાયલક્ષી અને ભાવિ કારકિર્દીલક્ષી અભ્યાસક્રમો વિકસાવવાનો અભિગમ.
- નવોન્મેષસભર અભ્યાસક્રમો વિકસાવવામાં પરિણામલક્ષી અભિગમ
- સ્વ-અધ્યયન માટે ઉચ્ચ ગુણવત્તાવાળી અભ્યાસ સામગ્રી.
- વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક, વહીવટી તેમજ માહિતી વિષયક સહાય માટે 'વિદ્યાર્થી સહાય સેવાઓ' અંતર્ગત રાજ્યવ્યાપી અભ્યાસકેન્દ્રોનું નેટવર્ક.
- વિદ્યાર્થીઓને પોતાની ગતિએ અને અનુકૂળતાએ અભ્યાસક્રમ પૂર્ણ કરવાની પરિવર્તનક્ષમ સુવિધા.
- દેશની અન્ય ઓપન યુનિવર્સિટીઓ સાથેનાં જોડાણોને લીધે રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય જ્ઞાન સરળ ગુજરાતી માધ્યમમાં ઉપલબ્ધ કરવાની સગવડ.
- Live "Phone in Radio Counseling" તથા "Satellite Open and Distance Learning" દ્વારા પરામર્શનની વ્યવસ્થા.
- અત્યાધુનિક "State of the Art" ચૈતન્ય સ્ટુડિયો દ્વારા ગુણવત્તાયુક્ત શ્રાવ્ય તથા દ્રશ્ય-શ્રાવ્ય શૈક્ષણિક સામગ્રીનું નિર્માણ તથા ઈન્ટરનેટની મદદથી 'સ્વાધ્યાય રેડિયો' અને 'સ્વાધ્યાય ટેલિવિઝન'નાં માધ્યમથી પ્રસારિત આ શૈક્ષણિક સામગ્રી અને અન્ય ઉપયોગી માહિતી મોબાઈલ, ટેબલેટ, લેપ-ટોપ કે ડેસ્ક ટોપ દ્વારા કોઈપણ સમય અને કોઈપણ સ્થળે મેળવવાની સુવિધા.
- સામાન્ય વ્યક્તિને તથા વિદ્યાર્થીને યુનિવર્સિટી વિષયક પ્રવેશ, પરીક્ષા આવશ્યક તમામ માહિતી પૂરી પાડતી સતત અપડેટ થતી વેબસાઈટ.
- અભ્યાસ-સંપૂટ, ગુણપત્રક અને પ્રમાણપત્ર
- 10+2 ઉત્તીર્ણ થયેલ કોઈપણ વિદ્યાશાખાનો વિદ્યાર્થી સ્નાતકકક્ષા વિનયન શાખા (આર્ટ્સ)માં પ્રવેશ લઈ શકે છે.

## પરીક્ષાકેન્દ્ર પરિચય બેઠક

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા તા.03/01/2017ના રોજ પરીક્ષા કેન્દ્રોના કો-ઓર્ડિનેટરની બેઠક માનનીય કુલપતિશ્રી ડૉ.પંકજ એલ. જાનીના અધ્યક્ષ હેઠળ યુનિવર્સિટીના ગૌતમ હોલમાં યોજવામાં આવેલી હતી. સદર કાર્યક્રમમાં યુનિવર્સિટીના નિયામકશ્રીઓ, અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓ અને કેન્દ્રોના કો-ઓર્ડિનેટરશ્રીઓ હાજર રહ્યાં હતાં. આવનાર કો-ઓર્ડિનેટરશ્રીઓનું સ્વાગત શ્રી ડૉ. આવા શુક્લા નિયામક(SS) દ્વારા કરવામાં આવ્યું.



માનનીય કુલપતિશ્રી ડૉ.પંકજ એલ. જાનીએ પોતાના વકતવ્યમાં કહ્યું કે, યુનિવર્સિટીની પ્રવેશ-પરીક્ષાની કામગીરી હવેથી રીજન મુજબ કરવામાં આવશે. આવનાર કો-ઓર્ડિનેટરશ્રીઓને જુદાં જુદાં ઝોન (રીજન)ના હેડ અને કો-ઓર્ડિનેટરનો પરિચય કરાવ્યો. અભ્યાસક્રમને સંશોધિત કરવા તથા પરીક્ષાની કામગીરી માટે સારા પરામર્શકોની જરૂરિયાત હોવાથી આપના કેન્દ્રના પરામર્શકોની માહિતી મોકલવાની હાંકલ કરી.



તેમણે કહ્યું, 'બધાં કેન્દ્રો પર કામગીરી સરખી થાય તે મુજબ આયોજન થાય તે માટે યુનિવર્સિટી કેલેન્ડર બનાવવામાં આવશે. જેમાં કેન્દ્રોનો સહકાર અપેક્ષિત રહેશે તેવી આશા સાથે પોતાનું વકતવ્ય પૂર્ણ કર્યું.' ત્યારબાદ જુદાં જુદાં કેન્દ્રોમાંથી આવેલા કો-ઓર્ડિનેટરશ્રીઓએ પોતાની રજૂઆત કરી. તમામ પ્રશ્નોનો અહેવાલ આપતાં એલ.ડી આર્ટસ, અમદાવાદ કેન્દ્ર કોડ – 101 ના કો-ઓર્ડિનેટરશ્રી ચાવડાજીએ, 'યુનિવર્સિટીને સ્ટ્રીમ લાઈન કરવાના આ પ્રયાસ માટે ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યાં.



યુનિવર્સિટીએ કેલેન્ડર તૈયાર કરી વેબસાઈટ પર મુકાય, Exam ફૉર્મ ભરતાં પહેલાં વિદ્યાર્થીએ એસાઈમેન્ટ લખી અભ્યાસકેન્દ્રને જમા કરાવે તથા પ્રવેશ અને પરીક્ષાની બધી કામગીરી ઓનલાઈન થઈ જાય તેવી આશા વ્યક્ત કરી હતી. તથા પ્રવેશ પ્રક્રિયા ઓનલાઈન અને ઓફલાઈન બંને રીતે થવી જોઈએ. કેન્દ્રોને પરામર્શન માટે વધારાની અભ્યાસ-સામગ્રીની માંગ કરી હતી. આ રીતે પોતાની રજૂઆત વ્યક્ત કરી. ઉપસ્થિત તમામ સભ્યોનો આભાર કુલસચિવશ્રી/નિયામક(SHSS) દ્વારા માનીને કાર્યક્રમ પૂર્ણ કરવામાં આવ્યો.

## 'In pursuit of Excellence' વ્યાખ્યાનમાળા

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા **'In pursuit of Excellence વ્યાખ્યાનમાળા'** અંતર્ગત પ્રથમ વ્યાખ્યાનનું આયોજન 05/01/2017ના રોજ માનનીય કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને યુનિવર્સિટીના ગૌતમ હૉલમાં રાખવામાં આવેલ.



પ્રથમ વ્યાખ્યાન માટે તજજ્ઞ તરીકે ડૉ. શ્રીમતી ઉર્મિલા દેવીજી, Joint Secreatory, UGCને આમંત્રિત કર્યા હતા. પરંપરાગત રીતે પ્રાર્થના અને દીપપ્રાગટયથી કાર્યક્રમનો પ્રારંભ થયો.

માનનીય કુલપતિશ્રી ડૉ. પંકજ એલ. જાની દ્વારા સ્વાગત પ્રવચનમાં આ યુનિવર્સિટીની કાર્યપ્રણાલી, અભ્યાસક્રમ, અભ્યાસ-સામગ્રી, V&P અભ્યાસક્રમ, યુનિવર્સિટીના કેન્દ્રો, ICTમાં સભાનતા, વર્ચ્યુઅલ ક્લાસરૂમ, CCC અભ્યાસક્રમ, ચૈતન્ય સ્ટુડિયો વગેરેની માહિતી દ્વારા તજજ્ઞને આ યુનિવર્સિટી શિક્ષણપ્રણાલિથી અવગત કર્યા. BAOUનો વિદ્યાર્થી Competitive Examમાં આગળ છે અને સરકારના ઉચ્ચપદાધિકારીની જગ્યા પર કાર્ય કરે છે તથા 12-B અને NAAC આ યુનિવર્સિટીનું ભવિષ્યનું આયોજન છે. તે વિશે માહિતી આપી, આવેલ તજજ્ઞ પાસેથી યુનિવર્સિટીના ભાવિ આયોજન માટેનું માર્ગદર્શન અને દિશાસૂચન થાય તેવી આશા તથા ખાતરી આપી પોતાનું વકતવ્ય પૂણ કરેલું.




તજજ્ઞ ડૉ. શ્રીમતી ઉર્મિલા દેવીજીએ પોતાના વ્યાખ્યાનમાં પોતાની કારકિર્દીની વાત કરી. શિક્ષક અને UGCના કાર્યકાળના પોતાના અનુભવો જણાવ્યાં. તેમણે સૌને UGCની કાર્યપ્રણાલિથી તથા નિયમોથી અવગત કર્યા. પ્રો. ડૉ. અમી ઉપાધ્યાય, નિયામક (SHSS) અને કાર્યકારી કુલસચિવશ્રી દ્વારા આભારવિધિ કરવામાં આવી.




## વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમીટ ૨૦૧૭

ગુજરાત સરકાર દ્વારા આયોજિત વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમીટ 2017માં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા તા. 10-01-2017 થી 13-01-2017 દરમિયાન ભાગ લેવામાં આવ્યો હતો.



આ સમીટ દરમિયાન દેશ-વિદેશના અનેક મહાનુભાવો, મુલાકાતીઓ અને વિદ્યાર્થીઓ દ્વારા એજ્યુકેશન પેવેલિયન સ્થિત યુનિવર્સિટીના સ્ટોલની મુલાકાત લેવામાં આવી હતી તથા યુનિવર્સિટીના અધિકારીશ્રીઓ દ્વારા તેમને માહિતી પૂરી પાડવામાં આવેલી હતી.




## પ્રજાસત્તાક દિનની ઉજવણી

26 જાન્યુઆરી, 2017 પ્રજાસત્તાક દિનની ઉજવણી ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના "જ્યોતિર્મય" પરિસરમાં યુનિવર્સિટી પરિવારના વિશાળ સભ્યસમુદાય સાથે થઈ.



રાષ્ટ્રભક્તિસભર ગીત-સંગીતનું પ્રસારણ યુનિવર્સિટીના ચૈતન્ય સ્ટુડિયોમાંથી કરવામાં આવ્યું. માનનીય કુલપતિશ્રીના વરદ હસ્તે ધ્વજવંદન થયું.



ડૉ. મૌનસભાઈ ઠાકરે વાંસળીવાદન તથા અન્ય શૈક્ષણિક અધિકારીઓએ રાષ્ટ્રગીતો તથા પોતાની ક્ષમતા મુજબ પ્રજાસત્તાક દિને દેશ પ્રત્યે આદર વ્યક્ત કર્યો હતો. પ્રો.(ડૉ.) અમી ઉપાધ્યાય, (કા.કુલસચિવ) અને ડૉ. આવા શુક્લા, નિયામક (SS) પ્રાસંગિક વક્તવ્યમાં નાગરિક તરીકેની નિસ્બતને શબ્દોમાં વ્યક્ત કરેલી.



યુનિવર્સિટી પરિવારમાંથી વધુને વધુ સભ્યો રાષ્ટ્રીય પર્વની ઉજવણીમાં પોતાની પ્રસ્તુતિ અને સહભાગિતા દાખવે તેવી માનનીય કુલપતિ ડૉ. પંકજ એલ. જાનીની પ્રેરણા અને અનુરોધના કારણે પ્રજાસત્તાક દિનની ઉજવણીમાં વિશેષ સક્રિયતા જોવા મળે .

## આવકાર તથા વિદાય સમારંભ

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં પૂર્વ ડાયરેક્ટર (શૈક્ષણિક) તરીકે ફરજ બજાવતા ડૉ. રવિ ગોર તથા કમ્પ્યૂટર સાયન્સ વિભાગના પૂર્વઅધ્યક્ષ અને એસોસિયેટ પ્રોફેસર ડૉ. હિરેન જોશીની તાજેતરમાં ગુજરાત યુનિવર્સિટી ખાતે નિયુક્તિ થઈ. તેમની લાંબા ગાળાની સેવાઓ માટે વિદાય સન્માન કરવાના હેતુથી વિદાય સન્માન કાર્યક્રમ તથા તેની સમાંતરે વિવિધ વિષયમાં નવનિયુક્ત પ્રોફેસર્સ, એસોસિએટ પ્રોફેસર્સ તથા આસિસ્ટન્ટ પ્રોફેસર્સને આવકારવાનો કાર્યક્રમ સંયુક્ત રીતે તા.15/02/2017ના રોજ સાકાર થયો. યુનિવર્સિટી પરિસરમાં આવેલા ‘ગૌતમ સભાગૃહ’માં ‘આવકાર તથા વિદાય સન્માન’ કાર્યક્રમ ડૉ. યોગેન્દ્રભાઈ પારેખના સંચાલનમાં યોજાયા હતો. માનનીય કુલપતિશ્રીની અધ્યક્ષતામાં યોજાયેલા પ્રસ્તુત કાર્યક્રમમાં માનનીય કાર્યકારી કુલસચિવશ્રી પ્રો. ડૉ. અમીબહેન ઉપાધ્યાયે સ્વાગત અભિવાદનની સાથે શુભકામનાપૂર્ણ વિદાય વચનો કહી કાર્યક્રમની રસપ્રદ ભૂમિકા બાંધી હતી.



ડૉ. આવા શુક્લા, ડૉ. હિમાંશુ પટેલ, ડૉ. હેતલ ગાંધી અને ડૉ. મૌનસ ઠાકરે, સહકર્મચારીઓ વતી બંને વરિષ્ઠ સદસ્યોને ભાવપૂર્ણ શબ્દોમાં વિદાય આપી હતી.



માનનીય કુલપતિશ્રીના વરદ હસ્તે વિદાયમાન અધિકારીશ્રીઓનું સ્મૃતિચિહ્ન, પુસ્તક, ખેસ તથા શાલ ઓઢાડી ગૌરવપૂર્ણ અભિવાદન કરવામાં આવ્યું.

વિદાય થતા બંને વરિષ્ઠ અધિકારીશ્રીઓ, ડૉ. રવિ ગોર તથા ડૉ. હિરેન જોશીએ પોતાના કાર્યકાળના સંસ્મરણો વાગોળ્યાં હતાં. ડૉ. રવિ ગોરે વર્તમાન સમયમાં ઉચ્ચશિક્ષણ ક્ષેત્રે આપણી યુનિવર્સિટીની ભૂમિકા અને શૈક્ષણિક વિકાસની સંભાવનાઓ વિષયક વક્તવ્ય આપ્યું હતું અને પોતાની વિદાયયાત્રાના એક યાદગાર પડાવ તરીકે વર્તમાન તથા પૂર્વ માનનીય કુલપતિશ્રીઓ તથા બોર્ડ ઑફ મૅનેજમૅન્ટ ના સદસ્યાઓનો આભાર માન્યો હતો.

ડૉ. હિરેન જોશીએ CCC જેવા પ્રચલિત અભ્યાસક્રમમાં નવીનીકરણના અનુભવને તથા પરીક્ષા નિયામક તરીકેની જવાબદારીના આનંદને સહુના સહકારનું પરિણામ ગણાવી રાજીપો વ્યક્ત કર્યો હતો.

નવનિયુક્ત પ્રો. ડૉ. નિલેશભાઈ મોદી, પ્રો. ડૉ. અજિતસિંહ રાણા, ડૉ. પ્રફુલ્લ જોશી, ડૉ. પ્રિયાંકી વ્યાસ, ડૉ. આવા શુક્લા, ડૉ. ધવલ પંડ્યા, ડૉ. દીપ્તિબા ગોહિલ, ડૉ. સોનલ ચૌધરી, શ્રી દિગીશ વ્યાસ, ડૉ. અર્ચના મિશ્રાનું સમગ્ર પરિવારના વરિષ્ઠ અધ્યક્ષશ્રીઓ દ્વારા સન્માન કરવામાં આવ્યું. નવા જોડાયેલા શૈક્ષણિક કર્મચારીશ્રીઓ વતી પ્રો. ડૉ. અજિતસિંહ રાણાએ સમગ્ર પરિવારવતી યુનિવર્સિટીનો આવકાર પ્રસંગ યોજવા બદલ હાર્દિક આભાર માન્યો અને કર્મશીલતાની ખાતરી આપી.

માનનીય કુલપતિશ્રીએ આવકાર તથા વિદાય વચનમાં શુભકામનાઓ વ્યક્ત કરી સહુના ઉત્તરોત્તર વિકાસ માટે યુનિવર્સિટીમાં સદાય સાનુકૂળ વાતાવરણ હોવાનો સધિયારો આપ્યો. સક્રિયતાપૂર્વક પ્રદાન કરવાથી અવિરત વિકાસનો માર્ગ ખૂલે છે તેવા શુભેચ્છા વચનથી માનનીય કુલપતિશ્રીએ સહુને આવકાર્યા.



## વિશ્વ માતૃભાષા દિવસ

તા. 21મી ફેબ્રુઆરીનો દિવસ માત્ર ભારતમાં જ નહીં, સમગ્ર વિશ્વમાં વિશ્વ માતૃભાષા દિવસ તરીકે ઉજવાય છે. આપણી યુનિવર્સિટીના ગૌતમ સભાગૃહમાં માનનીય કુલપિતશ્રીની




અધ્યક્ષમાં, ગુજરાતી વિભાગના ઉપક્રમે માતૃભાષાના સાહિત્યિક વારસાને માણવાનો તથા પામવાનો એક કાર્યક્રમ યોજાયો હતો.



પરંપરાગત રીતે પ્રાર્થના તથા દીપપ્રાગટયથી કાર્યક્રમનો પ્રારંભ થયો. યુનિવર્સિટી પરિવારના સભ્યો દ્વારા સુંદર અને સમગ્ર કાર્યક્રમમાં ગુજરાતી ભાષા-સાહિત્યની ખૂબ જાણીતી રચનાઓનું પઠન કરવામાં આવ્યું. 'જાગને જાદવા કૃષ્ણ ગોવાળિયા', 'આંધળી માનો કાગળ, દેખતા દીકરાનો જવાબ', 'ચારણ કન્યા' જેવાકાવ્યોની અસરકારક પ્રસ્તુતિ થઈ. નાના-મોટા સર્વ કર્મચારીઓની સહભાગિતા અને ઉમળકાથી ભાષાપ્રીતિનું યાદગાર વાતાવરણ સર્જાયું.





બોર્ડ ઑફ મૅનેજમૅન્ટના સદસ્યશ્રી પ્રજ્ઞેશભાઈ વાઘેલાએ લોકસાહિત્યની સરવાણીની માર્મિક રજૂઆત કરી કાર્યક્રમની શોભામાં અભિવૃદ્ધિ કરી હતી. કાર્યકારી કુલસચિવશ્રી પ્રો. ડૉ. અમીબહેન ઉપાધ્યાયે પ્રેરક પ્રાસંગિક ઉદ્‌બોધન દ્વારા માતૃભાષા પ્રત્યે પ્રીતિ વ્યકત કરી.



માનનીય કુલપતિશ્રીએ અધ્યક્ષીય સમાપન વકતવ્યમાં ઉમાશંકર જોશીની પ્રશિષ્ટ રચનાનું પઠન કરવાની સાથે માતૃભાષાનો મહિમા વ્યક્ત કર્યો. કાર્યક્રમનું સુચારુ સંચાલન ગુજરાતી વિભાગના આસિસ્ટન્ટ પ્રોફેસર ડૉ. હેતલ ગાંધીએ કર્યું હતું. વહીવટી સ્ટાફના આયોજન સહાયથી ટૂંકાગાળામાં સંતોષપ્રદ રીતે સફળ કાર્યક્રમ થયાનો સહુએ આનંદ વ્યકત કર્યો.

## અભ્યાસકેન્દ્ર મુલાકાત અહેવાલ

તા. 05 /03/2017 ને રવિવારના રોજ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની સ્કૂલ ઑફ એજ્યુકેશન, ડિસ્ટન્સ એજ્યુકેશન ઍન્ડ એજ્યુકેશનલ ટેક્નોલૉજીના પ્રોફેસર અને નિયામકશ્રી ડૉ.અજિતસિંહ રાણા, મદદનીશ અધ્યાપક ડૉ. મીના રાજપૂત અને ડૉ.મૌનસભાઈ ઠાકર - રાધનપુર ખાતે આવેલ બી.એડ્. અભ્યાસકેન્દ્રની મુલાકાતે ગયા. આ મુલાકાત દરમિયાન સંસ્થાએ ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણના પૂર્વ ઉપકુલપતિ ડૉ. જિતેન્દ્રભાઈ પંચોલીની અધ્યક્ષતામાં બી.એડ્.ના નવા પ્રવેશ પામેલા તાલીમાર્થીઓને આવકારવાનો અને પરિચય બેઠકનો કાર્યક્રમ પણ યોજેલો હતો.



આ કાર્યક્રમમાં સંસ્થાના મૅનેજિંગ ટ્રસ્ટીશ્રી, અન્ય ટ્રસ્ટીશ્રીઓ, ભગિની સંસ્થાના આચાર્યશ્રીઓ, અધ્યાપકશ્રીઓની સાથે સાથે બી.એડ્. પ્રથમ અને દ્વિતીય વર્ષના વિદ્યાર્થી મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં.



કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને આવકાર સાથે ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અને તેમાં ચાલતા અન્ય અભ્યાસક્રમોનો પરિચય આપવામાં આવ્યો. સાથે સાથે બી.એડ્. અભ્યાસક્રમની વિશેષતાઓ પણ સમજાવવામાં આવી અને વિદ્યાર્થીઓને અભ્યાસ-સામગ્રીનું વિતરણ કરવામાં આવ્યું. ઉપસ્થિત મહેમાનોએ પ્રશિક્ષણાર્થીઓને આશીર્વચન પાઠવ્યા, સર્વ ટ્રસ્ટીશ્રીઓએ પણ સંસ્થાનો જે સહયોગ જોઈએ તે આપવાની ખાતરી આપી.



## નિબંધ તથા ચિત્ર સ્પર્ધા

"સામાજિક સમરસતા તથા સ્વચ્છતા અભિયાન" અંતર્ગત રાજ્ય સ્તરીય નિબંધ તથા ચિત્રસ્પર્ધાનું આયોજન પણ કરવામાં આવ્યું.



ચિત્રસ્પર્ધામાં સમગ્ર રાજ્યમાંથી પ્રાથમિક કક્ષાથી લઈને ઉચ્ચ શિક્ષણ મેળવી રહેલા વિદ્યાર્થીઓને પોતાની પ્રતિભા રજૂ કરવાની તક મળે તેવા શુભાશયથી આયોજિત હતી. અહીં ચિત્ર ઉપરાંત નિબંધ જેવી બૌદ્ધિક પ્રવૃત્તિમાં પણ ઉચ્ચ શિક્ષણ અને ઉચ્ચતર માધ્યમિકમાં અભ્યાસ કરી રહેલાં વિદ્યાર્થીઓ ભાગ લઈ શકે, તે પ્રમાણે વર્ગવિભાજન કરવામાં આવ્યું. નિબંધ તથા ચિત્રસ્પર્ધાનાં વિષયો નીચે મુજબ હતાં:

૧) વર્તમાન સમયમાં સામાજિક સમરસતા ૨) પંડિત દીનદયાળ ઉપાધ્યાયજીનો એકાત્મ માનવવાદ

૩) સ્વચ્છતામાં પ્રભુતાનો ગાંધી સંદેશ ૪) સ્વચ્છ ભારત અભિયાન : પ્રયાણ અને પ્રાપ્તિ.

ઉપરોક્ત ચારેય વિષયોમાં ચિત્ર તથા નિબંધની નોંધપાત્ર રચનાઓ મળી. જેનું પરિણામ તથા પુરસ્કારની વિગતો યુનિવર્સિટીની વેબસાઈટ પર રજૂ કરવામાં આવેલી હતી.

જેના વિજેતાઓના નામની યાદી નીચે મુજબ છે.



**ચિત્ર સ્પર્ધા :**

મકવાણા હસમુખ એચ.
ધોરી શ્રધ્ધા પુનમભાઈ
પંડ્યા વિનોદકુમાર ગૌતમભાઈ

**નિબધ સ્પર્ધા :**

ધ્રુવ વિનયગીરી ગોસાઈ,
જૈવિશ વિપુલકુમાર પટવા

એકંદરે સમગ્ર સપ્તાહ યુનિવર્સિટી પરિવાર માટે યાદગાર સંભારણું ગણી શકાય.



## International Women's Day

તા. 08 March નો દિવસ સમગ્ર વિશ્વમાં International Women's Day તરીકે ઉજવાય છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ગૌતમ હૉલના સભાગૃહમાં માનનીય કુલપતિશ્રી ડૉ. પંકજ એલ. જાનીના અધ્યક્ષ સ્થાને યુનિવર્સિટીના Women's Development cell (WDC) દ્વારા 'Women's health Issue Concerns' ના વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું.



આ વ્યાખ્યાન પાછળનો મુખ્ય ઉદ્દેશ મહિલાઓની સ્વાસ્થ્ય પ્રત્યેની જાગૃતિ વધે અને નિષ્ણાતનું માર્ગદર્શન મળે, તે હતો. વ્યાખ્યાન માટે અમદાવાદની 'મધર હૂડ' વિમેન્સ ઍન્ડ ચાઈલ્ડ કેર હોસ્પિટલના CEO તેમજ MD તરીકે કાર્યરત ડૉ. ટ્વિન્કલ પટેલને આમંત્રિત કર્યા હતા.



યુનિવર્સિટીની વિભિન્ન વિદ્યાશાખાના નિયામકશ્રીઓ ડૉ. નિલેશ મોદી, ડૉ. અજિતસિંહ રાણા, ડૉ. મનોજ શાહ તેમજ બધા જ અધ્યાપકો તથા મહિલા કર્મચારીશ્રીઓની વિશેષ ઉપસ્થિતિ રહી. ડૉ. ટ્વિન્કલ પટેલનું ખેસ ઓઢાડીને સન્માન માનનીય કુલપતિશ્રી ડૉ. પંકજ એલ. જાની દ્વારા કરવામાં આવ્યું. તે પછી પુષ્પગુચ્છ, પુસ્તક તથા સ્મૃતિચિહ્ન આપીને યુનિવર્સિટીની વિવિધ વિદ્યાશાખાઓના નિયામકશ્રીઓ દ્વારા આમંત્રિત ડૉ. ટ્વિન્કલ પટેલનું સન્માન કરવામાં આવ્યું.



માનનીય કુલસચિવશ્રી પ્રો. ડૉ. અમી ઉપાધ્યાયે શ્રી મકરન્દ દવેની કવિતા સાથે પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું. યુનિવર્સિટીની વિદ્યાશાખાના નિયામકશ્રી ડૉ.નિલેશ મોદી, ડૉ. અજિતસિંહ રાણા, ડૉ. મનોજ શાહે પણ તેમના વિચારો રજૂ કર્યા હતા. માનનીય કુલપતિશ્રી ડૉ. પંકજ એલ. જાનીના પ્રોત્સાહક આશિર્વચનો સાથે આયોજિત કાર્યક્રમનો પ્રથમ ભાગ વિરામ પામ્યો. દ્વિતીય ભાગમાં આમંત્રિત સ્ત્રીરોગ નિષ્ણાત ડૉ. ટ્વિન્કલ પટેલે તેમનું પ્રેઝન્ટેશન કર્યુ હતું. આ સમયે કાર્યક્રમની વિશેષતાને ધ્યાનમાં રાખતાં યુનિવર્સિટીનાં કર્મચારીશ્રીઓમાં માત્ર બહેનો જ સહભાગી



રહ્યાં હતાં. આ દિવસે નારીશક્તિનાં ઉદાહરણરૂપ શ્રી કિરણ બેદી લિખિત (ગુજરાતીમાં અનુવાદિત) પુસ્તક સ્ત્રી 'નારીશક્તિ મારી દૃષ્ટિએ' ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના પરિવારની દરેક બહેનોને આપવામાં આવી. ટેકનિકલ સહાયક તરીકે સ્ટુડિયો ઈન્ચાર્જ પ્રો. ડૉ. હિમાંશુ પટેલની ટીમ તથા અલ્પાહારની વ્યવસ્થામાં ડૉ.મયંકભાઈ સોનીની ટીમનો સહયોગ મળેલો હતો. મહેમાન તથા યુનિવર્સિટી પરિવારના સભ્યોનું શાબ્દિક સ્વાગત વિદ્યાર્થી સહાયતા વિભાગના નિયામક શ્રી ડૉ. આવા શુકલા દ્વારા કરવામાં આવ્યું હતું. આભારવિધિ ડૉ. પ્રિયાંકી વ્યાસ દ્વારા કરવામાં આવી હતી. કાર્યક્રમનું સંચાલન ડૉ. કૃતિ છાયાએ કર્યું હતું.

## ચૈતન્ય સ્ટુડિયો તાલીમ અહેવાલ

તા.18-03-2017ના રોજ સવારે 11:00 થી 01:00 કલાક દરમિયાન ચૈતન્ય સ્ટુડિયો ખાતે નવનિયુક્ત અધ્યાપકશ્રીઓને સ્ટુડિયોની સવલત અને વિવિધ ઉપકરણો વિશે માહિતી આપવાનું આયોજન કરવામાં આવેલું હતું.



આ તાલીમ કાર્યક્રમ ડૉ. હિમાંશુ પટેલ, ડૉ. મૌનસ ઠાકર અને સ્ટુડિયોના સ્ટાફ દ્વારા અપાયું હતું. જેમાં સ્ટુડિયોમાં પ્રેઝન્ટેશન અને પ્રેક્ટિકલ ડેમો દ્વારા પ્રિ-પ્રોડક્શન, પ્રોડક્શન અને પોસ્ટ પ્રોડક્શન વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી જે અંતર્ગત રેકોર્ડિંગ પહેલાં, રેકોર્ડિંગ સમયે અને ત્યારબાદની પ્રક્રિયા અને જરૂરી કાળજી રાખવા વિશેની વિગતો પણ સામેલ હતી.



## સંગીતસંધ્યા અને સ્નેહમિલન



*તા.31-03-17 એ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં સંગીતસંધ્યા સમારોહ અને સ્નેહમિલન કાર્યક્રમ યોજવામાં આવેલો હતો.*



*આ કાર્યક્રમમાં માનનીય શ્રીમતી વસુબેન ત્રિવેદી તથા બોર્ડના સભ્યશ્રીઓ જોડાયા હતાં.*



*તે સાથે સાથે યુનિવર્સિટીના તમામ કર્મચારીઓએ પોતાના પરિવાર સાથે આ સંગીતસંધ્યા માણી હતી.*



*સંગીત સંધ્યામાં ઉર્મિશભાઈ મહેતા તથા વૈશાલી મહેતાના કંઠે અને ગુજરાતી તથા હિન્દી ગીતોની રમઝટ જામી હતી. અનેરા આનંદ ઉલ્લાસમાં ફરમાઈશ ગીતોની પણ યુનિવર્સિટીના પરિવારજનોએ આનંદ માણ્યો હતો.*








**માનનીય રાજ્યમંત્રીશ્રી (ગુજરાત રાજ્ય)**

જેમણે સાધનાનો ઉપયોગ કરી આ યુનિવર્સિટી ખૂબ જ સફળ પદવી મેળવી છે. દરેક મેડલિસ્ટ વિદ્યાર્થીઓને અભિનંદન આપ્યા.એવાં આ યુનિ.ના વિદ્યાર્થીઓને આ વખતે ખાસ અભિનંદન આપી અને મને ચોક્કસપણે વિશ્વાસ છે. કે આ યુનિવર્સિટીમાંથી પાસ થયેલ વિદ્યાર્થી તેમના જીવનના મોટા ક્ષેત્રમાં પ્રવેશ કર્યો છે. જયારે તે યુનિવર્સિટીમાં હતા ત્યારે શિક્ષણની સાધના કરી હતી અને એ જ સાધના જીવનના દરેક ક્ષેત્રે કરશે. યુનિવર્સિટી પર પૂરો વિશ્વાસ છે કે તે એવા જ વિદ્યાર્થીઓને સફળતા પ્રાપ્ત કરાવે છે જે તેમના કામમાં અને કાર્યમાં નિષ્ઠાવાન અને મહેનતુ છે.

કુલપતિશ્રી ડૉ.પંકજ જાની સાહેબને અને તેમની સાથે જોડાયેલી તેમની સમગ્ર ટીમને અભિનંદન આપું છું. જેમણે યુનિવર્સિટીના ૨૨ વર્ષની યાત્રામાં માત્ર ગયા વર્ષથી શરૂ થયેલા દિક્ષાંત સમારોહ બીજા વર્ષનું આયોજન કર્યું છે.

✐ જ્ઞાનયજ્ઞના પ્રથમ સોપાનની પૂર્ણાહૂતિમાં સામેલ થયા છીએ.

✐ વિશ્વવિદ્યાલય યુનિવર્સિટી પદવી પ્રદાન કરવી તે પણ પરીસમાન કાર્ય છે. જે વિદ્યાર્થીઓના જ્ઞાન પરીમાં આકૃતિ આપવાનું કાર્ય છે.

✐ યુનિવર્સિટીમાં એક ઉચ્ચકોટિનો ઓડિયો-વિડીયો સ્ટુડિયો તૈયાર કરેલ છે જેમાં યુનિવર્સિટીના અધ્યાપકો તથા બહારથી આવેલા વિષય તજજ્ઞદ્વારા વ્યાખ્યાનો રેકોર્ડિંગ થઈ રહ્યા છે.

✐ યુનિવર્સિટી આ લેક્ચર્સ 'વંદે ગુજરાત' ચેનલ પર તેનું અને સ્વાધ્યાય રેડિયો, સ્વાધ્યાય ટેલિવિઝન પર તેનું પ્રસારણ કરવામાં આવે છે. વિશ્વ વિદ્યાલય આવા જ્ઞાનને વધારે પ્રજ્જવલિત કરે છે.

✐ વર્ચ્યુઅલ ક્લાસરૂમ તૈયાર કરવાની યુનિવર્સિટી તૈયારીઓ પણ ચાલી રહી છે, જેમાં યુનિવર્સિટી અભ્યાસ પરથી કેન્દ્ર પર તથા વિદ્યાર્થી પોતાના ગામ, શહેર પર બેસીને યુનિવર્સિટીના અધ્યાપકો સાથે રૂબરૂ ભણી શકે જેવી રીતે યુનિવર્સિટીમાં પોતાના ક્લાસરૂમમાં બેસીને – ભણતા હોય આ ઉપક્રમ દૂરવર્તી શિક્ષણ ખૂબ જ આગવું પ્રદાન કરશે. વધારેથી વધારે વિદ્યાર્થીઓ જોડાય છે ગયા વર્ષ કરતાં સાડા ચાર થી છ હજાર આ વર્ષ સંખ્યા બે ઘણી થઈ છે.

✐ યુનિવર્સિટી સાત રિજનમાં અલગ કરવામાં આવ્યા છે અને આઠમાં વોકેશનલ પ્રોફેસર રિજયન વ્યવસ્થા કરવામાં આવી છે. દરેક રિજયન હેડ તરીકે એક સિનીયર અધ્યાપકને મૂકવામાં આવે છે જેથી પોતાના રિજયનના કામની સરળતા અને ચોકસાઈપૂર્વક કામ થઈ શકે વિદ્યાર્થીઓ અભ્યાસ કેન્દ્રની બધી જ જવાબદારી તે અધ્યાપક લે છે.

✐ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અને ઈન્દિરા ઓપન યુનિવર્સિટી -ઈગ્નુ સાથેના સહયોગથી એક આંતરરાષ્ટ્રીય સંગોષ્ઠિનું આયોજન કરવા જઈ રહી છે. આ વર્ષ એક નવું કાર્ય પણ આ યુનિવર્સિટી કરવા જઈ રહી છે. પારસ્પરિક સહયોગથી નવા પાઠયક્રમ બનાવવાની પણ એક પ્રક્રિયા થઈ રહી છે અને જે સાથે સાંસ્કૃતિક કાર્યક્રમો કરીને અલગ ઓળખાણ અપાવે છે આ યુનિવર્સિટી તે માટે પ્રશંસનીય છે.

✐ વિદ્યાર્થીને કોઈપણ પ્રોબ્લેમ આવતો તે રિજયન હેડની સાથે વાત કરી અને સરળતાથી પોતાના પ્રોબ્લેમનું સોલ્યુશન થાય છે

✐ યુનિવર્સિટીમાં એક સરાહનીય એકેડેમિક વાતાવરણ ઊભું થઈ રહ્યું છે તે બદલ યુનિવર્સિટી ડૉ. પંકજ જાની કુલપતિશ્રીની કુશળ નેતૃત્વ તથા તેના તમામ કર્મનિષ્ઠ સ્ટાફને અભિનંદન આપું છું.

✐ વિદ્યાર્થીઓને રાષ્ટ્ર અને કિર્તિમાન ઉતરોત્તર પ્રગતિ કરે તેવા આર્શીવાદ

✐ આંબેડકરજીનું નામ આ યુનિવર્સિટી સાથે જોડાયેલું છે.ત્યારે તેમનું કર્તવ્ય છે કે ડૉ.ભીમરાવજીનું આદર્શ જીવન છે જેને માટે આંબેડકરજી એ જીવન આપ્યું ન્યોછાવર કરી દીધું છે. દેશની આઝાદીના સત્તર વર્ષ પૂર્ણ થયા છે તો પણ સમરસતા નથી. તે પ્રવૃત્તિને સાચી ઓળખ આપવા માટે સામાજિક સમરસતાની સમજ સમાજમાં ફેલાવશું આ કામમાં વિશ્વ વિદ્યાલયથી પાસ થયેલ વિદ્યાર્થી કર્તવ્ય છે તો આ યુનિવર્સિટીમાંથી ડિગ્રી મેળવ્યા બાદ સમાજમાં સામાજિક સમરસતાના વાહક બનો અને ડિગ્રી મેળવ્યાના સાચા હકદાર બનો.



**માનનીય શ્રી જયદ્રથસિંહજી પરમાર**

જયદ્રથસિંહજી પરમારે પોતાના વક્તવ્યમાં જણાવ્યું છે કે, શિક્ષણનું મહત્તવ અનેક ઘણું છે. આ પ્રકાશ દૂરવર્તી શિક્ષણનો ખૂબ ઉપયોગ કરી તેનાં ઉત્તીર્ણ થવાના અથાગ પ્રયત્નો કરો અને આ દૂરવર્તી શિક્ષાનો ભરપૂર ઉપયોગ કર્યો છે. યુનિવર્સિટીને 22 વર્ષ પૂર્ણ થયા છે. આ યુનિવર્સિટી છેવાડાના માણસો આ પદ્ધતિનો ઉપયોગ કરી ભણતર મેળવે અને શિક્ષણ લે તે માટે અદ્યતન સ્ટુડિયો, કી–ઓસ્ક દ્વારા Omkar-e Protal દ્વારા, Online પ્રવેશ, Omkar-e દ્વારા અથાગ પ્રયત્નો કરે છે. આ યુનિવર્સિટીમાં વર્ષમાં બે વાર પ્રવેશ, પરીક્ષા અને પરિણામો જાહેર કરવામાં આવે છે. આ યુનિવર્સિટી જમાના સાથે કદમથી કદમ મિલાવીને આગળ વધે છે. આ યુનિવર્સિટીમાં દરેક પ્રકારની કમિટીઓ બનાવી 47 ગોલ્ડ, 42 સિલ્વર મેડલ મેળવ્યા છે તે સૌને  ખૂબ ખૂબ પ્રગતિ થાય તેવી શુભકામના ખૂબ ખૂબ અભિનંદન આપું છું.



**માનનીય શ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાજી**

ભુપેન્દ્રસિંહ ચુડાસમાજીએ પોતાના વક્તવ્યમાં જણાવ્યું કે, ગોલ્ડમેડલ લેવા એક વિદ્યાર્થી આવ્યા અને કોઈને પૂછ્યું અંગ્રેજીમાં છો હું પણ અંગ્રેજીમાં છું ત્યારે વિદ્યાર્થીએ જવાબ આપ્યો કે સાહેબ હું કચ્છની પ્રાથમિક શાળામાં શિક્ષક છું. આ છે યુનિવર્સિટી અગત્યતા , ઉપયોગિતા. જ્યારે એક શિક્ષક તેની કારકિર્દીમાં જોડાયો હશે ત્યારે તે માત્ર પી.ટી.સી. હશે પણ આ યુનિવર્સિટીના ઉપયોગથી તે આગળનું શિક્ષણ લઈ પોતે પોતાના વિદ્યાર્થીને ભણાવતા ભણાવતા પોતે પણ ગ્રેજ્યુએટ થયો અને આગળનું શિક્ષણ મેળવે છે અને પદવી મેળવે છે. શિક્ષણમંત્રી તરીકે મેડલિસ્ટને અભિનંદન આપું છું. જે મહાનુભાવોએ દિવ્ય ભારત બનાવાના પાયા નાખ્યાં છે. આ યુનિવર્સિટી ગીતમાં દિવ્ય અને ભવ્ય ભારત બનાવવાની વાત કરી છે. ૧૧ મી એપ્રિલ સરદારસિંહ રાણાનો જન્મ ભાવનગરના એક યુવાને આ ક્રાંતિકારીના જીવન ઉપર શોધ નિબંધ લખ્યો. આવા શોધનિબંધના વિમોચન વખતે હોલ આખો ખાલી હતો.  તો હું વિદ્યાર્થી મિત્રો તમને એક ટીપ્સ આપું છું કે તમે થાકી જાય વિદ્યાર્થીઓ ઓછા પડે એટલાં ક્રાંતિકારીઓ ભારતમાં થઈ ગયા છે. તો તે બધા ક્રાંતિકારીઓ પર શોધ નિબંધ લખો.  બધા મહાનુભાવોની ઓળખાણ બંધ થાય તે પહેલાં આ બધા દેશને ભવ્ય બનાવવાના પાયા નાંખી ગયા છે. તે મોટામાં મોટી સેવા ગણાશે. આ મહાનુભાવોના જીવન પર શોધ નિબંધ લખો અને રિસર્ચ ભાવના પણ કેળવાશે અને રાષ્ટ્રની એક સેવા પણ કરશો. એક સાથે નવ નવ નોબલ નોરી વિશ્વમાં ક્યારેય એક સાથે મળેલ નથી. પણ આ વર્ષે એક દેશના એક રાજયના એક શહેર ગુજરાતના ગાંધીજીના મહાત્મા મંદિરમાં ભેગા થયા હતાં. અમેરિકામાં દર દસ હજારે ૫૦ ચાઈનામાં છે અને હિન્દુસ્તાનમાં ૪ હોય છે. આવું  મેણુ મારેલું અને આ મેણાને તોડવાની જવાબદારી યુવાનોની છે. તમે આ બધું કરી શકો  અને તને મેડલિસ્ટોની જવાબદારી છે. સરકાર તમારી સાથે છે.  તમે આ કામનું બીડું ઉપાડો.



**માનનીય શ્રી રમણલાલ વોરા**

શ્રી રમણલાલ વોરાએ સુંદર વાકય બોલતા પોતાના વક્તવ્યની શરૂઆત કરી,

"મુસલમાન કુરાન કો જાનતે હૈ,<br>
ઈસાઈ બાઈબલ કો જાનતે હૈ,<br>
હિંદુ ગીતા કો જાનતે હૈ, લેકિન<br>
મેરે બાબા કે લિયે હુએ બંધારણ કો સારા હિન્દુસ્તાન જાનતે હૈ."

તેમણે આંબેડકરજીની વાત કરતાં જણાવ્યું કે, આંબેડકરજીનું સૂત્ર હતું , 'શિક્ષિત બનો.' પાવરગ્રીડની વાત

કરનાર પહેલાં વ્યક્તિ આંબેડકરજી હતાં અને તેનો અમલીકરણ અટલ બિહારી વાજપાઈજીએ કર્યું. આંબેડકરજીએ મેળવેલ ડિગ્રી જેટલી આજ સુધી કોઈ રાજકારણી પાસે નહિ હોય. ડૉ. આંબેડકરજીએ જેટલાં અધિકારો પુરુષોને આપ્યા છે તેટલાં અધિકારો સ્ત્રીઓને આપાવ્યા છે. આજે બધાં જ ગોલ્ડ મેડલ , સિલ્વર મેડલ મેળવનાર વિદ્યાર્થીઓને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું. આંબેડકરજીને સર્વશ્રેષ્ઠ વિદ્યાર્થી તરીકે ગણના કરવામાં આવે છે. તેવી જ રીતે વિદ્યાર્થી તમે પણ ઉત્તરોત્તર પ્રગતિ કરો તેમજ આ જગતને જ્ઞાનથી ભરી આંબેડકરજીના નામને આગળ વધારો, સમરસતાને જીવનમાં ઉતારી, તેનું મહત્ત્વ અને નામ વધારો તેવી શુભેચ્છા પાઠવું છું.



**માનનીય શ્રી ડૉ. રવીન્દ્રકુમાર**

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા ડીગ્રી મેળવેલ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા. આજે તેઓ જે સન્માનની સાથે ડીગ્રી લઈને બહાર જાય છે તેમાં પૂરતું સન્માન મળે છે. જે આ ડીગ્રી એનાયત સંખ્યા તે માટેનું સ્પષ્ટ ઉદાહરણ છે. આજે મુક્ત દૂરવર્તી શિક્ષણની ગુણવત્તા અને વિશ્વનીયતા ઉપર કોઈને કોઈ સંદેહ નથી રહ્યો. ભારતમાં કુલ ૧૫ મુક્ત વિશ્વવિદ્યાલય કાર્યરત છે. આશરે ૧૧૫ થી ૧૨૦ જેટલી મુક્ત શિક્ષા આપતી સંસ્થાઓ કાર્યરત છે. આ સંસ્થા / યુનિવર્સિટી આશરે ૪૦ લાખ વિદ્યાર્થીઓ જુદા જુદા અભ્યાસક્રમમાં પ્રવેશ લઈને ડીગ્રી પ્રાપ્ત કરે છે. અન્ય શિક્ષણ સંસ્થાથી ડીગ્રી અને મુક્ત વિશ્વવિદ્યાલય દ્વારા એનાયત થયેલ ડીગ્રીનું સમાજમાં એક સરખું સ્થાન મળે છે. મુક્ત શિક્ષણની માન્યતા સમાજમાં બદલાઈ ગઈ છે. તેને ઊંચુ સ્થાન પ્રાપ્ત કર્યું છે.

મુક્ત શિક્ષણમાં બે ક્રાંતિ ધીરે ધીરે થઈ રહી છે જે દેખાતી નથી નવભારત સક્રાંતિને સાકાર કરવાનું માન. પ્રધાનમંત્રીનું સ્વપ્ન સાકાર કરવા મુક્ત વિશ્વવિદ્યાલય યોગદાન આપવા સમર્થ છે.

જે ક્રાંતિ છે તે ડિઝીટલ ક્રાંતિ છે. મુક્ત શિક્ષણમાં વિદ્યાર્થી અને શિક્ષક વચ્ચે અંતર છે. ઇન્ફર્મેશન ટેકનોલોજીથી વિદ્યાર્થી અને શિક્ષક એક બીજાની નજીક આવે છે ની ક્રાંતિ થી ક્લાસ રૂમનાં વિદ્યાર્થીઓને જે સુવિધા મળે છે તેના કરતા વધારે સુવિધા પ્રાપ્ત થાય છે. દૂરવર્તી શિક્ષણનાં વિદ્યાર્થીને ક્લાસ રૂમના વિદ્યાર્થીઓ કરતા વધારે સુવિધા મળી રહે છે.

૧) પોતાની રુચિ અનુસાર અભ્યાસક્રમ પસંદ કરવાની તક

૨) અભ્યાસ સામગ્રી સાથે શિક્ષણ પ્રાપ્ત કરવાનો અવસર

આ અભ્યાસ સામગ્રી સમાજ અને વિદ્યાર્થીઓ માટે પણ ઉપલબ્ધ છે. આ સામગ્રીની ઉપયોગ માટે કોઈને શક નથી કે આક્ષેપ નથી. દૂરવર્તી શિક્ષણ સંસ્થાઓ દ્વારા જે અભ્યાસ સામગ્રી તૈયાર કરવામાં આવે છે તે પ્રદેશનાં વિદ્યાર્થીઓને એક જ સરખી પ્રાપ્ત થાય છે. ક્લાસરૂમ ટિચિંગ સીમિત છે જ્યારે દૂરવર્તી શિક્ષણ સીમિત નથી. દૂરવર્તી શિક્ષણનાં વિશ્વવિદ્યાલયોએ શિક્ષણ ક્ષેત્રે ખુબ જ પ્રગતિ કરી છે. આ શિક્ષણ પ્રણાલીમાં ઇન્ફર્મેશન ટેકનોલોજીનો ઉપયોગ ખુબ જ વધારે અને ટેકનોલોજીનાં ઉપયોગ માટે નંબર ૧ છે. અભ્યાસ સામગ્રીના નિર્માણ માટે જુદાં જુદા મોડ્યુલ બનાવી તજજ્ઞોનાં ઉપયોગ દ્વારા સંયોજિત કરી ચકાસણી કરાવી મટીરીયલ તૈયાર કરાવવામાં આવે છે. જે ખુબ જ વિશ્વનીય હોય છે. અન્ય વિશ્વવિદ્યાલયોની જેમ મુક્ત વિશ્વવિદ્યાલયોને આગળ વધવા સમાજ અને સરકારે મહત્વ આપવું. અને જે લોકો ક્લાસરૂમ ટીચિંગથી વંચિત રહી ગયા છે. તેઓને અભ્યાસ કરવાની પુરેપુરી તક આપવી.

મુક્ત ગુરુકુળ પ્રત્યે સમાજ અને સરકારે સદભાવ રાખી ભગીરથ પ્રયત્નો કરી આવી મુક્ત વિશ્વવિદ્યાલય દ્વારા જે શિક્ષણ આપવામાં આવી રહ્યું છે કે જે શિક્ષણ પ્રણાલીને પ્રભાવિત કરે છે. કે જે આ શિક્ષણ પ્રણાલીને ખુબ જ ઊંચાં સ્થાન સુધી લઈ જશે.



# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં દ્વિતીય દીક્ષાંત સમારોહ

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, ગુજરાત સરકાર દ્વારા 1994માં સ્થાપિત રાજ્યની એકમાત્ર ઓપન યુનિવર્સિટી છે, જે સમગ્ર ગુજરાતમાં દૂરવર્તી પ્રણાલીથી ઉચ્ચશિક્ષણની સુવિધા પૂરી પાડે છે. કોઈ સંસ્થામાં પ્રત્યક્ષ જઈને ન ભણી શકનાર વિદ્યાર્થીઓ , ગૃહિણીઓ, ખેડૂતો, સૈનિકો, નોકરી-ધંધો કરતા લોકો વગેરે જેવા ઉચ્ચ ડિગ્રી મેળવવા ઈચ્છુક નાગરિકો માટે આ યુનિવર્સિટી ભણવાની તક પૂરી પાડે છે જેનો લાભ દર વર્ષે હજારો વિદ્યાર્થીઓને પ્રાપ્ત થાય છે.




પરંપરાગત યુનિવર્સિટીઓથી જુદી પડતી આ યુનિવર્સિટીમાં દીક્ષાંત સમારોહની પરંપરા બે વર્ષથી શરૂ થઈ. આ યુનિવર્સિટીના બીજા દીક્ષાંત સમારોહનું (Convocation) આયોજન રવિવાર તા. 16 એપ્રિલ, 2017 ના રોજ કરવામાં આવ્યું હતું.




આ દીક્ષાંત સમારોહમાં યુનિવર્સિટીના માનનીય કુલાધિપતિશ્રી અને આપણા રાજ્યના માનનીય રાજ્યપાલ શ્રી ઓ.પી.કોહલીજી ઉપસ્થિત રહ્યા અને તેઓની સાથે રાજ્યની વિધાનસભાના માનનીય અધ્યક્ષશ્રી રમણલાલ વોરા, ગુજરાત રાજ્યના માનનીય શિક્ષણમંત્રી



શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા અને માનનીય શિક્ષણમંત્રી (રાજ્ય કક્ષા) શ્રી જયદ્રથસિંહજી પરમાર ઉપસ્થિત રહ્યા.




આ સાથે સભાના સારસ્વત અતિથિ રૂપે ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટીનાં કુલપતિશ્રી પ્રો. ડૉ. રવીન્દ્ર કુમાર ઉપસ્થિત રહ્યા. 2015-16 માં ઉત્તીર્ણ થયેલા 6378 વિદ્યાર્થીઓ પૈકી 149 વિદ્યાર્થીઓને સુવર્ણચંદ્રક, રજતચંદ્રક, પદવી પ્રમાણપત્ર અને પુરસ્કાર પ્રાપ્ત થયા.



યુનિવર્સિટીના કુલપતિશ્રી પ્રો. ડૉ.પંકજ એલ. જાનીએ સ્વાગત પ્રવચનમાં કાર્યક્રમની ભૂમિકા આપતા યુનિવર્સિટીની ઉપલબ્ધિઓ અને ભવિષ્યના આયોજન વિશે ખ્યાલ આપ્યો અને સરકાર દ્વારા ગુજરાતની વિદ્યાકાંક્ષુ પ્રજા માટે આ યુનિવર્સિટી વધુ વ્યવસ્થાસભર બનાવવા દર્શાવેલ તત્પરતા બદલ આભારની લાગણી પ્રગટ કરી.



શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા દ્વારા વિદ્યાર્થીઓને અભિનંદન આપવા સાથે તેનો વધુમાં વધુ લાભ લેવા સૌને અનુરોધ કર્યો તો વિધાનસભા અધ્યક્ષ શ્રી રમણલાલ વોરા દ્વારા સમાજના દરેક સ્તરના લોકો માટે અને ખાસ કરીને વંચિત લોકો માટે આ યુનિવર્સિટીની આદર્શ ભૂમિકા બદલ આનંદ પ્રગટ કર્યો.



શ્રી જયદ્રથજી પરમારે પણ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા અને IGNOUના કુલપતિશ્રીએ વિદ્યાર્થીઓને સાંપ્રત સમાજમાં શિક્ષણના મહત્ત્વ અને શિક્ષિત સમાજની સકારાત્મક ભૂમિકાઓ અંગે મનનીય પ્રવચન આપ્યું. અંતે રાજ્યપાલશ્રીએ વિદ્યાર્થીઓને આશિર્વાદ આપ્યા અને પ્રાપ્ત વિદ્યાનો સદુપયોગ કરી વિકાસપંથે આગળ ધપાવવાનો અનુરોધ કર્યો. કાર્યક્રમનું સમાપન યુનિવર્સિટીના કુલસચિવ પ્રો. ડૉ. અમી ઉપાધ્યાય દ્વારા કરવામાં આવ્યું.

યુનિવર્સિટીના નિયામક (વિદ્યાર્થી સહાય) ડૉ. આવા શુક્લા દ્વારા પ્રાપ્ત વિગતો અનુસાર આ કાર્યક્રમમાં માનનીય કુલાધિપતિશ્રીના હસ્તે અને મંચોપસ્થિત મહાનુભવોના વરદ હસ્તે કુલ 47 વિદ્યાર્થીઓને સુવર્ણચંદ્રક, કુલ 42 વિદ્યાર્થીઓને રજતચંદ્રક અને 17 જેટલાં ડિપ્લોમાં અભ્યાસક્રમના વિદ્યાર્થીઓને પ્રથમ ક્રમાંક માટે તથા 43 વિદ્યાર્થીઓને તૃતીય ક્રમાંક માટે પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યાં. આ પદવીદાન સમારંભમાં યુનિવર્સિટીના કુલ 6022 વિદ્યાર્થીઓને પદવી એનાયત કરવામાં આવી.



કાર્યક્રમમાં યુનિવર્સિટીના ગુજરાતભરના અભ્યાસકેન્દ્રોમાંથી સંયોજકો અને વિદ્યાર્થીઓ બહોળી સંખ્યામાં હાજર રહ્યાં. ધ્યાનાકર્ષક બાબત એ રહી કે, વિદ્યાર્થીઓ અને મહાનુભાવોએ ભારતીય પરંપરા મુજબના વસ્ત્રો અને ખેસ ધારણ કરીને સમારંભમાં ભાગ લીધો; જેમાં, ભારતીય સંસ્કૃતિની ઝલક જોવા મળી.

દીક્ષાંત સમારોહના આ સફળ આયોજનથી વિદ્યાર્થી સમુદાયનો ઉત્સાહ વધતો હોય છે, સાથે તેઓને પોતાના ભણતરનું મહત્ત્વ સમજાતું હોય છે અને વિદ્યાર્થીઓને પદવી મળ્યા પછી સમાજ પ્રત્યેની જવાબદારી અને ઉત્તમ માનવ બનવાની પ્રેરણા મળતી હોય છે, જે આ કાર્યક્રમથી સિદ્ધ થયું હોય તેમ લાગે છે.



# સ્કૂલ ઑફ હ્યુમેનીટિઝ ઍન્ડ સોશિયલ સાયન્સ

## ગોલ્ડ મેડલ લિસ્ટ

| | |
|---|---|
| સેવક વૈશાલી મેહુલ -BLIS | હસન રોશન વલીભાઈ -B.A. |
| સોલંકી દિપક સુખદેવ -BLIS | મેડા ગીતા બચુભાઈ -B.A. |
| પટેલ મિતલ મહેશભાઈ -B.A. | ગાંવિત દીપકભાઈ રામજીભાઈ -MHD |
| ટેઈલર સાદિયા મુસર્રત શફીકઅહેમદ - B.A. | પરમાર જાગૃતિ અરવિંદભાઈ -B.A. |
| રાવલ સંજયકુમાર ભરતભાઈ -B.A. | ગૌસ્વામી પુષ્પા સુરેશભાઈ -B.A. |
| પટેલ અંકિતા વિષ્ણુભાઈ -B.A. | પટેલ રાકેશકુમાર સુરેશભાઈ -B.A. |
| ચૌધરી રીના બાબુભાઈ -MEG | ચમાર રમેશભાઈ પીરાભાઈ -B.A. |
| ગોહિલ અનિલકુમાર ભીખુભાઈ -MEG | ધુવા નીતેશ મેઘજી -B.A. |
| સથવારા ભૂમિકા યોગેશભાઈ -B.A. | રાવલ મહેન્દ્રકુમાર ધનસુખરામ -B.A. |
| બારડ શોભના જેસિંઘભાઈ -B.A. | શેખ મોહંમદ ઈરફાન હનીફભાઈ -B.A. |
| ઠાકોર ભરતકુમાર બાબુભાઈ -B.A. | પટેલ નિધિ છીબાભાઈ -B.A. |
| નાયી જયશ્રી ડાહ્યાલાલ --B.A. | આયર લખમણભાઈ વિભાભાઈ -B.A. |
| બારિયા રાધા સબતસિંહ -MGT | પટેલ તૃપ્તિ જસવંતભાઈ -MSO |
| વેડિયા ભાવિનકુમાર રઘુરામ -MGT | ચાવડા જ્યોતિ રમેશચંદ્ર -B.A. |
| પટેલ ગાયત્રી સુરેશભાઈ -MGT | જાની દિનેશકુમાર વિઠ્ઠલભાઈ -MSO |
| પટેલ તૃપ્તિ જીતેન્દ્રકુમાર -MHD | |

## સિલ્વર લિસ્ટ

| | |
|---|---|
| માલી મિતેશકુમાર સુરેશભાઈ -BLIS | નંધા દેવયાની નગીનદાસ -MEG |
| કેસરિયા રૂપલ ચમનલાલ -BLIS | ઝાલા સંદીપકુમાર રણવીરભાઈ -B.A. |
| વેણ જગશીભાઈ વિહાભાઈ -B.A. | ચૌધરી નિલેશકુમાર મનુભાઈ -B.A. |
| પટેલ સંજયભાઈ ડાહ્યાભાઈ -B.A. | પટેલ દક્ષા કાન્તિલાલ -B.A. |
| મોદી નીલમ હસમુખભાઈ -B.A. | ફેફર હીના મનસુખભાઈ -B.A. |
| ઝાલા રવિ અમૃતલાલ -B.A. | વાઘેલા મહેશભાઈ આજાભાઈ -MGT |
| ખૂંટી કપિલ માલદે -MEG | મહેતા વૈશાલી શરદ -MGT |

| | |
|---|---|
| રબારી કરશનભાઈ વિહાભાઈ -B.A. | પંડયા આકાશકુમાર મહેન્દ્રકુમાર -B.A. |
| પટેલ હેતલ જયંતિભાઈ -B.A. | પ્રજાપતિ મહેશકુમાર બાબાભાઈ -B.A. |
| સિસોદિયા આશાકુમારી પ્રવિણસિંહ -MHD | પટેલ બેલા મુકેશભાઈ -B.A. |
| પંચાલ ઉર્વી અમૃતલાલ -MHD | સૂત્રસાંધા સુરેશભાઈ ધર્મશીભાઈ -B.A. |
| ચાવડા વીરેન્દ્રકુમાર ગૌતમભાઈ -B.A. | જોશી હેતલ ભાનુશંકર -B.A. |
| પરમાર રંજન શિવરામભાઈ -B.A. | પટેલ ગાયત્રી શામળભાઈ -MSO |
| ઠાકોર દિનેશભાઈ કાળાજી -B.A. | બારિયા મનીષા કાનજીભાઈ -MSO |

## સર્ટિફિકેટ

| | |
|---|---|
| ફાટનિયા હરેશકુમાર નારણભાઈ – DVHW | મકવાણા અરવિંદકુમાર લક્ષ્મણભાઈ -B.A. |
| સિંધાલ હિના દયારામભાઈ – BLIS | પટેલ તેજલ જગદીશભાઈ -B.A. |
| પટેલ ઉર્વશી અમરતલાલ – BLIS | ચૌધરી વર્ષા ડાહ્યાભાઈ – MHD |
| ચૌહાણ રેહાનાબાનું યુસુફભાઈ – DCH | પરમાર ધારા વસંતલાલ -B.A. |
| સીજુ મુમલ શંકરભાઈ – DMCH | પટેલ ભાવના પરાગભાઈ -MHD |
| ઘેટિયા વીણા પ્રવીણભાઈ – DMCH | હિંગળા વિવેકકુમાર શંકરલાલ -B.A. |
| રાજપૂત હરશંગ પ્રવીણકુમાર – DVHW | ટંડેલ પરસા ઠાકોરભાઈ -B.A. |
| રાઠોડ મૂળજીભાઈ નાનજીભાઈ -B.A. | ગોસ્વામી યોગિના રમેશગિરી -B.A. |
| પટેલ પ્રિયંકા મહેન્દ્રભાઈ -B.A. | પ્રજાપતિ લલિતકુમાર નારાયણદાસ -B.A. |
| ગોર દિશા જયંતિલાલ – MEG | પંડયા પ્રિયંકા મહેન્દ્રભાઈ -B.A. |
| ચૌધરી ચિન્તાનીકાકુમારી મદનભાઈ -B.A. | મકવાણા અર્પિતકુમાર લક્ષ્મણભાઈ -B.A. |
| મનસેટા ડિમ્પલ નલિનભાઈ -B.A. | સોલંકી કલ્પેશકુમાર મફતલાલ -B.A. |
| પટેલ સુરૈયાબાનું સબ્બીરઅહેમદઉમરાજી – MEG | પટેલ નરેશકુમાર ભીખાભાઈ - MSO |
| ઘડિયાળી ભાર્ગવકુમાર પ્રકાશભાઈ -B.A. | પટેલ ગમાણભાઈ રમેશભાઈ - MSO |
| પટેલ સ્નેહલ કનૈયાલાલ -B.A. | સુથાર પિયુષકુમાર મહેશભાઈ - MSO |
| ગોર આરતી ધીરેનભાઈ – MGT | ડાકી રીટા પુનાભાઈ -B.A. |
| ચૌધરી અશ્વિનભાઈ વાઘજીભાઈ – MGT | પટેલ ભૂમિકા મગનભાઈ -B.A. |
| પગી ભાવનભાઈ ઝવારાભાઈ -B.A. | |

# સ્કૂલ ઑફ કમ્પ્યૂટર સાયન્સ મેડલ લિસ્ટ

## ગોલ્ડ મેડલ લિસ્ટ

- દવે સાકેત અનિલભાઈ – **BCA**
- હડા દીપકસિંઘ રાજેન્દ્રસિંઘ – **BCA**
- પટેલ દીપલ ભીખાભાઈ – **BCAMUL**
- પારેખ બિજલ જગીભાઈ – **BCAMUL**
- ઠાકર દિશા ઈશિત – **BMGA**

## સિલ્વર લિસ્ટ

- પઠાણ હિદાયતુલ્લાખાન બરકતુલ્લાખાન – **BCA**
- ભરવાડ ભોળાભાઈ અર્જુનભાઈ – **BCA**

## સર્ટિફિકેટ

- કાવાણે અજયકુમાર હર્ષદકુમાર – **BCA**
- પટેલ મિતેશકુમાર જગદીશભાઈ – **BCA**
- પટેલ કૃપાલી મુકેશભાઈ – **DCA**
- ભરવાડ સેજલ કાલાભાઈ – **PGDCA**



# સ્કૂલ ઑફ કોમર્સ ઍન્ડ મૅનેજમેન્ટ

## ગોલ્ડ મેડલ લિસ્ટ

- ત્રિવેદી ડિમ્પલ બકુલભાઈ – **B.Com.**
- પટણી રોશની ભરતભાઈ – **B.Com.**
- પાગર રુચિકા ગોપાલ – **BBA**
- બોડેલીવાલા તહા અકબરભાઈ – **BBA**
- પીરજાદા મોહંમદ આદિલ મોહંમદ રઈસ – **BBAAT**
- નંદાવર રાહુલ દિનેશભાઈ – **BBAAT**
- લિમ્બાચિયા રોહન કેતન – **BBAHT**
- માજીગામકર નીરવ રજનીકાંત – **BBAHT**

## સિલ્વર લિસ્ટ

- પટણી કોમલ ભરતભાઈ – **B.Com.**
- ગોહિલ કુંજન કિશોરકુમાર – **B.Com.**
- અગ્રવાલ આશુતોષ સુરેશ – **BBA**
- વાઘજીપુરવાળા બુરહાન અબ્બાસભાઈ – **BBA**
- વૈષ્ણવ અજિત ઈન્દ્રદાસ – **BBAAT**
- પાઠક તુષાર રાકેશ – **BBAHT**
- પટેલ નિસર્ગ પ્રવીણચંદ્ર – **BBAHT**

## સર્ટિફિકેટ

- પઠાણ નસીમબાનું નૂરમહંમદ – **B.Com.**
- કુંભાર મોહંમદઆફરીન આદમ – **B.Com.**
- પટેલ શુશાંત કેતનકુમાર – **BBA**
- મહેતા સુધાંશુ નટવરલાલ – **BBA**
- પ્રજાપતિ જીતેશ સંતરામભાઈ – **BBAAT**
- રામનાની હર્ષ મોહનલાલ – **BBAHT**
- દોશી નિહાર મૂકેશ – **BBAHT**
- કનડા ઉદયકુમાર મનસુખભાઈ – **BBAHT**
- લાલવાણી જ્યોતિ ભીમનભાઈ – **DACA**
- અસનાની હેમા પરષોત્તમભાઈ – **DACA**
- સુથાર રીતુ પ્રફુલકુમાર – **DFA**
- પરમાર કરણ બાબુભાઈ – **DOR**
- ભાવસાર અંકુરકુમાર જગદીશભાઈ – **PGDBA**
- જયસ્વાલ સચિન રાજેન્દ્ર – **PDGF**
- ભારવાની અંકિતા ભગવાનદાસ – **PGDHR**

# સ્કૂલ ઑફ એજ્યુકેશન

## ગોલ્ડ મેડલ લિસ્ટ

ચૌહાણ વિભા ભાનુભાઈ – B.Ed.

કાનડે અલ્પેશકુમાર સૂર્યકાન્ત – B.Ed.

સુથાર હર્ષિદા ગાંડાલાલ – Sp. B..Ed.

## સિલ્વર લિસ્ટ

નાયક સોનલ વિષ્ણુભાઈ – B.Ed.

રહેવર પ્રજ્ઞાકુંવર અનિલસિંહ – B.Ed.

ગુર્જર હેતલ ઈશ્વરભાઈ – B.Ed.

સેન્ધાની ભાવેશ કાન્તિલાલ – B.Ed.

ધાંધલિયા અશ્વિનકુમાર રઘુભાઈ – Sp. B.Ed.

## સર્ટિફિકેટ

બુદ્ધવાણી ઝીનત સલીમ – Sp. B. Ed.

રાજપૂત જીતેન્દ્ર રામાનોથસિંઘ – PGDDE

પંડયા ગૌરાંગકુમાર અનંતરાય – B.Ed.

લુહાર કિરીટકુમાર વિષ્ણુપ્રસાદ – PGDDE

જોશી સુધા ગૌતમભાઈ – PGPD

ખત્રી કૃણાલી વસંતલાલ – Sp. B.Ed



## બોર્ડ ઑફ મૅનેજમેન્ટ (BOM)

| ડૉ. પંકજ એલ. જાની<br>કુલપતિશ્રી, |
|---|
| અગ્રસચિવશ્રી, શિક્ષણ વિભાગ, |
| અગ્રસચિવશ્રી, નાણાં વિભાગ, |
| ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી |
| નિયામકશ્રી, ટેકનિકલ શિક્ષણ, |
| પ્રો.(ડૉ.) અમી ઉપાધ્યાય, કા. કુલસચિવશ્રી |
| શ્રી કિશોર મકવાણા |
| શ્રી દેવાંગ નાણાવટી |
| શ્રી જનક ખાંડવાલા |
| ડૉ. મહેન્દ્ર ચોટલિયા |
| શ્રી સુનિલ શાહ |
| શ્રી ભૂમિકા ત્રિવેદી |
| ડૉ. અવની ત્રિવેદી |
| શ્રી પ્રજ્ઞેશ ટી. વાઘેલા |
| ડૉ. સંજય ભાયાણી |
| શ્રી મેહુલકુમાર લાખાણી |
| ડૉ. મનીષ એ. રાચ્છ |
| ડૉ. આવા શુક્લા |

## એકેડેમિક પ્લાનિંગ બોર્ડ (APB)

| ડૉ. પંકજ એલ. જાની<br>કુલપતિશ્રી, |
|---|
| ડૉ. દક્ષેશ ઠાકર |
| પ્રો. (ડૉ.) કમલ મહેતા |
| ડૉ. અવની મણીયાર |
| ડૉ. મહેન્દ્ર ચોટલિયા |
| શ્રી તપન મહેતા |
| શ્રી અંકિત પટેલ |
| ડૉ. અવની ત્રિવેદી |
| શ્રી સુનિલ શાહ |
| ડૉ. એ. એસ. રાઠૌર |
| શ્રી પંકજ શુક્લા |
| પ્રો.(ડૉ.) અમી ઉપાધ્યાય |
| પ્રો.(ડૉ.) નિલેશ મોદી |
| પ્રો.(ડૉ.) અજીતસિંહ રાણા |
| ડૉ. આવા શુક્લા |
| ડૉ. મનોજ શાહ |
| ડૉ. યોગેન્દ્ર પારેખ |

## નાણાં સમિતિ (FC) (૨૪-૦૧-૨૦૧૭)

| ડૉ. પંકજ એલ. જાની<br>કુલપતિશ્રી, |
|---|
| અગ્રસચિવશ્રી, શિક્ષણ વિભાગ, |
| અગ્રસચિવશ્રી, નાણાં વિભાગ, |
| શ્રી જનક ખાંડવાલા |
| શ્રી સુનિલ શાહ |
| પ્રો.(ડૉ.) અમી ઉપાધ્યાય |
| ડૉ. આવા શુક્લા |
| શ્રીમતી શ્રુતિ પાઠક |

## નાણાં સમિતિ (FC) (૧૧-૧૨-૨૦૧૭)

| ડૉ. પંકજ એલ. જાની<br>કુલપતિશ્રી, |
|---|
| અગ્રસચિવશ્રી, શિક્ષણ વિભાગ, |
| અગ્રસચિવશ્રી, નાણાં વિભાગ, |
| શ્રી જનક ખાંડવાલા |
| શ્રી સુનીલ શાહ |
| પ્રો.(ડૉ.) અમી ઉપાધ્યાય |
| ડૉ. આવા શુક્લા |
| શ્રી ગોવિંદસિંહ રાજપૂત |





## ખરીદ સમિતિ

| |
|---|
| ડૉ. પંકજ જાની<br>કુલપતિશ્રી, |
| શ્રી મેહુલકુમાર લાખાણી |
| શ્રી પ્રજ્ઞેશ ટી. વાઘેલા |
| શ્રી અંકિત પટેલ |
| પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાય |
| પ્રો.(ડૉ.) નિલેશ મોદી |
| પ્રો.(ડૉ.) અજીતસિંહ રાણા |
| ડૉ. મનોજ શાહ |
| ડૉ. યોગેન્દ્ર પારેખ |
| ડૉ. આવા શુક્લા |
| શ્રી ગોવિંદસિંહ રાજપૂત |
| ડૉ. ભાવિન ત્રિવેદી |
| ડૉ. ધવલ પંડયા |
| ડૉ. હેતલ ગાંધી |

## અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિ સેલની સમિતિ

| |
|---|
| પ્રો.(ડૉ.) અજીતસિંહ રાણા |
| ડૉ. હેતલ ગાંધી |
| ડૉ. હિમાંશુ પટેલ |
| શ્રી સંજય પટેલ |
| શ્રીમતી જયા સાકરીયા |

## Internal Quality Assurance Cell (IQAC) (20-03-2017)

| |
|---|
| ડૉ. પંકજ જાની<br>કુલપતિશ્રી, |
| શ્રી સુનિલ શાહ |
| ડૉ. સંજય ભાયાણી |
| ડૉ. અવની ત્રિવેદી |
| ડૉ. એ. એસ. રાઠૌર |
| પ્રો. રમેશ કોઠારી |
| પ્રો. બી. વી. પટેલ |
| પ્રો. રાજેન્દ્રસિંહ જાડેજા |
| ડૉ. આવા શુક્લા |
| પ્રો.(ડૉ.) નિલેશ મોદી |
| પ્રો.(ડૉ.) અજીતસિંહ રાણા |
| ડૉ. યોગેન્દ્ર પારેખ |
| ડૉ. મનોજ શાહ |
| ડૉ. પ્રફુલ જોષી |
| શ્રીમતી શ્રુતિ પાઠક |
| ડૉ. પ્રિયાંકી વ્યાસ |
| પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાય |

## વુમેન્સ ડેવલોપમેન્ટ સેલની સમિતિ

| |
|---|
| પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાય |
| ડૉ. આવા શુક્લા |
| શ્રી ભૂમિકા ત્રિવેદી |
| ડૉ. શિવાની રાજપુરોહિત |
| પ્રો.(ડૉ.) નિલેશ મોદી |
| ડૉ. પ્રિયાંકી વ્યાસ |
| ડૉ. મનોજ શાહ |
| શ્રીમતી શ્રુતિ પાઠક |
| ડૉ. કૃતિ છાયા |
| ડૉ. ચેતના શાહ |
| ડૉ. દીપ્તિબા ગોહિલ |

## Committee for Prevention of Sexual Harassment at Work Place

| |
|---|
| પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાય |
| ડૉ. આવા શુક્લા |
| ડૉ. અવની ત્રિવેદી |
| ડૉ. મંદા પરીખ |
| ડૉ. પ્રિયાંકી વ્યાસ |
| ડૉ. પ્રફુલ જોષી |
| ડૉ. ભાવિન ત્રિવેદી |
| ડૉ. જયશ્રી ગુર્જર |
| ડૉ. હેતલ ગાંધી |
| ડૉ. અર્ચના મિશ્રા |
| શ્રી ગોવિંદસિંહ રાજપૂત |
| ડૉ. સોનલ ચૌધરી |

## એન્ટી રેગિન્ગની સમિતિ

| |
|---|
| પ્રો.(ડૉ.) અજીતસિંહ રાણા |
| ડૉ. યોગેન્દ્ર પારેખ |
| ડૉ. મૌનસ ઠાકર |
| ડૉ. સોનલ ચૌધરી |
| ડૉ. મીના રાજપૂત |
| શ્રી દિગીશ વ્યાસ |

## આંતરિક ફરિયાદની સમિતિ (ICC)

| |
|---|
| પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાય |
| ડૉ. આવા શુક્લા |
| ડૉ. અવની ત્રિવેદી |
| ડૉ. મંદા પરીખ |
| શ્રી ગોવિંદસિંહ રાજપૂત |
| ડૉ. પ્રિયાંકી વ્યાસ |
| ડૉ. પ્રફુલ જોષી |
| ડૉ. ભાવિન ત્રિવેદી |
| ડૉ. જયશ્રી ગુર્જર |
| ડૉ. હેતલ ગાંધી |
| ડૉ. અર્ચના મિશ્રા |
| ડૉ. સોનલ ચૌધરી |

## ગ્રીવન્સ રિએડ્રેસીસ સેલ

| |
|---|
| પ્રો.(ડૉ.) નિલેશ મોદી |
| ડૉ. આવા શુક્લા |
| ડૉ. મનોજ શાહ |
| શ્રી સંજય પટેલ |
| ડૉ. જયશ્રી ગુર્જર |
| શ્રી ભાવિક સોમૈયા |
| શ્રી અમિત સોની |
| ડૉ. હેતલ ગાંધી |

## પરીક્ષા સમિતિ

| |
|---|
| પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાય |
| ડૉ. મહેન્દ્ર ચોટલિયા |
| શ્રી સુનીલ શાહ |
| ડૉ. અવની ત્રિવેદી |
| ડૉ. આવા શુક્લા |
| પ્રો.(ડૉ.) નિલેશ મોદી |
| ડૉ. મનોજ શાહ |
| ડૉ. જયશ્રી ગુર્જર |





## એકેડેમિક કાઉન્સિલ સમિતિ

### સ્કૂલ ઑફ હ્યુમૅનિટિઝ ઍન્ડ સોશિયલ સાયન્સ

| |
|---|
| પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાય |
| ડૉ. એ. એસ. રાઠૌર |
| પ્રો. અંજલી પાહડ |
| ડૉ. યોગેન્દ્ર પારેખ |
| ડૉ. પ્રફુલ જોષી |
| ડૉ. પ્રિયાંકી વ્યાસ |
| ડૉ. આવા શુક્લા |
| ડૉ. કૃતિ છાયા |
| શ્રી સંજય પટેલ |
| ડૉ. સોનલ ચૌધરી |
| ડૉ. દીપ્તિબા ગોહિલ |
| ડૉ. અર્ચના મિશ્રા |
| શ્રી દિગીશ વ્યાસ |
| ડૉ. હિમાંશુ પટેલ |
| ડૉ. મૌનસ ઠાકર |
| ડૉ. હેતલ ગાંધી |

### સ્કૂલ ઑફ કમ્પ્યૂટર સાયન્સ

| |
|---|
| પ્રો.(ડૉ.) નિલેશ મોદી |
| પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાય |
| પ્રો.(ડૉ.) જ્યોતિ પરીખ |
| ડૉ. અમિત ગણાત્રા |
| ડૉ. અહમદ કાદરી |
| ડૉ. હિમાંશુ પટેલ |
| ડૉ. મનોજ શાહ |

### સ્કૂલ ઑફ કોમર્સ ઍન્ડ મૅનેજમેન્ટ

| |
|---|
| ડૉ. રવિ ગોર |
| ડૉ. દક્ષા ગોહિલ |
| ડૉ. પ્રતિક કંચન |
| ડૉ. એચ. સી. સરદાર |
| ડૉ. હિરેન જોશી |
| ડૉ. ધવલ પંડયા |
| ડૉ. કૃતિ છાયા |
| ડૉ. મનોજ શાહ |

### સ્કૂલ ઑફ એજ્યુકેશન, ડિસ્ટન્ટસ એજ્યુકેશન ઍન્ડ એજ્યુકેશનલ ટેક્નોલોજી

| |
|---|
| પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાય |
| ડૉ. મૌનસ ઠાકર |
| ડૉ. મીના રાજપૂત |
| ડૉ. જયશ્રી ગુર્જર |
| ડૉ. યોગેન્દ્ર પારેખ |
| ડૉ. સતીશ શુક્લા |
| ડૉ. કલ્પેશ પાઠક |
| ડૉ. દિલીપસિંહ પી. બારડ |

# પરીક્ષા કેન્દ્રોની યાદી

| ક્રમ | કેન્દ્રનું નામ | પરીક્ષા કેન્દ્ર કોડ |
|---|---|---|
| 1 | એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમૃત મોદી સ્કુલ ઑફ મેનેજમેન્ટ કેમ્પસ, વસ્ત્રાપુર, અમદાવાદ-380015 | 0101 |
| 2 | "માનવ સાધના", ગાંધી આશ્રમ, અમદાવાદ - 380 027 | 0109 |
| 3 | શ્રી ડી. સી. એમ.. આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, વિરમગામ, અમદાવાદ | 0111 |
| 4 | શ્રી એચ.કે. આર્ટસ કૉલેજ, આશ્રમ રોડ, અમદાવાદ | 0121 |
| 5 | શ્રી સ્વામિનારાયણ આર્ટ્સ કૉલેજ, શાહઆલમ ટોલનાકા, ગીતામંદિર રોડ, અમદાવાદ | 0127 |
| 6 | સરસ્વતી વિદ્યામંડળ ડૉ. રઘુભાઈ નાયક, શિક્ષણ સંકુલ, ડૉ. આંબેડકર હોલની સામે, સરસપુર, અમદાવાદ-18 | 0163 |
| 7 | ઉમિયા આર્ટ્સ કોલેજ, સરખેજ-ગાંધીનગર હાઈવે, સોલા, અમદાવાદ | 0128 |
| 8 | ગુજરાત વિનયન અને વિજ્ઞાન કોલેજ, એલીસબ્રિજ, અમદાવાદ | 0175 |
| 9 | શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ, ચકકરગઢ રોડ, અમરેલી-365601 | 0204 |
| 10 | જે. બી. ઠક્કર કૉલેજ ઑફ કૉમર્સ, ભૂજ–370001 | 0301 |
| 11 | તોલાણી કૉમર્સ કૉલેજ, આદિપુર (કચ્છ)–370205 | 0302 |
| 12 | શ્રી એસ. ડી. શેઠિયા કોલેજ ઑફ ઍજ્યુકેશન, મુન્દ્રા, કચ્છ | 0309 |
| 13 | નલિની–અરવિંદ એન્ડ ટી.વી. આર્ટ્સ કોલેજ, વલ્લભવિદ્યાનગર–388120 | 0401 |
| 14 | ખેડા આર્ટ્સ કોલેજ, ખેડા | 0418 |
| 15 | ગવર્મેન્ટ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, કઠલાલ, જિ. ખેડા | 0434 |
| 16 | ગવર્મેન્ટ આર્ટ્સ કૉલેજ, સેકટર –15, ગાંધીનગર–382016 | 0501 |
| 17 | શ્રી પી. કે. ચૌધરી મહિલા આર્ટ્સ કોલેજ, સેક્ટર–૭, ગાંધીનગર | 0529 |
| 18 | શ્રી શારદા ગ્રામઆર્ટ્સ એન્ડ કોમર્સ, કોલેજ, મુ.તા.માંગરોળ, જિ. ગીર સોમનાથ-362225 | 0701 |
| 19 | સ્વ. જે. કે. રામ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, મુ. પો. તા. વેરાવળ, જિ. જુનાગઢ | 0709 |
| 20 | આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ઉના | 0710 |
| 21 | શ્રી સરદાર પટેલ એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત મહિલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, જોષીપુરા, જુનાગઢ -362002 | 0715 |
| 22 | નવજીવન આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, દાહોદ–389151 | 0901 |
| 23 | નૂતન ભારતી, મુ. પો. મડાણા (ગઢ), જિ–બનાસકાંઠા–385519 | 1001 |
| 24 | આર. આર. મહેતા કાંલેજ ઑફ સાયન્સ ઍન્ડ સી. એલ. પરીખ કૉલેજ ઑફ કૉમર્સ, પાલનપુર–385001 | 1002 |
| 25 | શ્રી ટી. સી. આર્ટ્સ ઍન્ડ જે. વી. કૉમર્સ કૉલેજ, રાધનપુર–40 | 1003 |
| 26 | મહિલા આર્ટ્સ કોલેજ, પાલનપુર, બનાસકાંઠા | 1007 |
| 27 | બનાસ જનકલ્યાણ ટ્રસ્ટ, મુ. તા. અમીરગઢ, જિ. બનાસકાંઠા-385130 | 1008 |
| 28 | ગવર્મેન્ટ આર્ટ્સ કોલેજ, અમીરગઢ (સરકારી વિનયન કોલેજ, અમીરગઢ) | 1027 |
| 29 | અન્જૂમન–એ–તાલીમી–ઇદારા, કોર્ટ રોડ, ટ્રેઝરી સામે, ભરૂચ–01 | 1101 |
| 30 | શિક્ષણશાસ્ત્ર ભવન, યુનિવર્સિટી કાર્યાલયની બાજુમાં, નવું કેમ્પસ, ભાવનગર યુનિવર્સિટી, ભાવનગર–364 002 | 1201 |

| | | |
|---|---|---|
| 31 | ધી ખે. ના. સ. બૅન્ક લિ. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ખેરાલુ | 1302 |
| 32 | શ્રી સાર્વજનિક કેળવણી મંડળ, વિદ્યાસંકુલ, અરવિંદ બાગ પાસે, મહેસાણા | 1310 |
| 33 | પ્રાદેશિક કેન્દ્ર, પી/8 ટીચીંગ સ્ટાફ ક્વાટર્સ, સૌરા. યુનિવર્સિટી કેમ્પસ, રાજકોટ-360005 | 1401 |
| 34 | શ્રી યુ. એન. મહેતા આર્ટ્સ કોલેજ, મુ. પો. મોરબી, રાજકોટ-363642 | 1403 |
| 35 | શેઠ ટી. સી. કાપડીયા આર્ટ્સ ઍન્ડ કોમર્સ કોલેજ, બોડેલી, વડોદરા | 1517 |
| 36 | શ્રીમતી હંસા મહેતા લાયબ્રેરી, એમ. એસ. યુનિવર્સિટી, વડોદરા | 1525 |
| 37 | સાવલી તાલુકા કેળવણી મંડળ, સાવલી, વડોદરા | 1526 |
| 38 | શ્રી સાર્વજનિક કૉમર્સ કૉલેજ, ગોધરા– 389001 | 1601 |
| 39 | શ્રી એસ. કે. શાહ ઍન્ડ શ્રીકૃષ્ણ ઓ. એમ. આર્ટ્સ કૉલેજ, મોડાસા-383315 | 1701 |
| 40 | ઈડર આંજણા પાટીદાર એચ. કે. એમ. આર્ટ્સ ઍન્ડ પી. એન. પટેલ કૉમર્સ કૉલેજ, મુ.પો. ઈડર | 1702 |
| 41 | શેઠ એચ. પી. આર્ટ્સ ઍન્ડ તલોદ એસ. એમ. કૉમર્સ કૉલેજ, તલોદ-383215 | 1703 |
| 42 | *ડી. ડી. ઠાકર આર્ટ્સ એન્ડ કે. જે. પટેલ કોમર્સ કોલેજ, મુ. તા. ખેડબ્રહ્મા, જિ. સાબરકાંઠા-383 255* | 1704 |
| 43 | વિશ્વમંગલમ્–અનેરા, આકોદરા, તા. હિંમતનગર, જિ. સાબરકાંઠા.01 | 1707 |
| 44 | આર્ટ્સ કોલેજ, મુ. શામળાજી, તા. ભિલોડા, જિ. અરવલ્લી (ઉ.ગુ.) | 1708 |
| 45 | એસ. એસ. મહેતા આર્ટ્સ એન્ડ એમ. એમ. પટેલ કોમર્સ કોલેજ, હિંમતનગર, જિ. સાબરકાંઠા | 1709 |
| 46 | મહિલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ધનસુરા, અરવલ્લી | 1710 |
| 47 | ગવર્મેન્ટ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, મુ.તા. મેઘરજ, અરવલ્લી | 1734 |
| 48 | સર કે. પી. કૉલેજ ઑફ કૉમર્સ, અઠવા લાઈન્સ, સુરત–395001 | 1801 |
| 49 | શ્રીમતી આર. પી ચૌહાણ આર્ટ્સ ઍન્ડ શ્રીમતી જે. કે. શાહ ઍન્ડ શ્રી કે. ડી. શાહ કૉમર્સ કૉલેજ, વ્યારા | 1802 |
| 50 | જે. ઝેડ. શાહ આર્ટ્સ એન્ડ એચ. પી. કોમર્સ કોલેજ, અમરોલી, સુરત | 1828 |
| 51 | શ્રી એસ. એસ. જે. આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, કુતિયાણા | 1901 |
| 52 | *એમ.પી.શાહ કોમર્સ કોલેજ, વઢવાણ રોડ, બસ સ્ટેન્ડ પાસે, સુરેન્દ્રનગર-363002* | 2001 |
| 53 | શ્રી એ. આર. એસ. કોલેજ, લીમડી, સુરેન્દ્રનગર | 2014 |
| 54 | શ્રી એમ. આર. દેસાઈ આર્ટ્સ ઍન્ડ શ્રી ઈ. ઈ. લહેર કોસાડિયા કૉમર્સ કૉલેજ,ચીખલી–21 | 2201 |
| 55 | એમ. આર. આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, રાજપીપળા–393145 | 2301 |
| 56 | શ્રી ચીમનલાલ કીલાચંદ ઝવેરી ડિસ્ટન્સ ઍન્ડ કૉમ્યુનિટી સેન્ટર, ઉત્તર ગુજરાત યુનિ. કેમ્પસ, પાટણ | 2401 |
| 57 | શ્રી વનરાજ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ધરમપુર–396050 | 2501 |

- **સામાન્ય રીતે વિદ્યાર્થીનું અભ્યાસકેન્દ્ર / પ્રોગ્રામકેન્દ્ર અથવા નજીકનું પરીક્ષા કેન્દ્ર વિદ્યાર્થીને ફાળવવામાં આવશે. તેમ છતાં યુનિવર્સિટી દ્વારા જે-તે સમયે પરીક્ષા કેન્દ્રમાં ફેરફાર કરવામાં આવે તે વિદ્યાર્થીને બંધનકર્તા રહેશે.**
- **અભ્યાસકેન્દ્ર તરીકે કાર્યરત દરેક જેલના કેન્દ્રો કેદીઓ માટે પરીક્ષા કેન્દ્ર તરીકે માન્ય રહેશે.**

**સ્વાધ્યાયઃ પરમં તપઃ**


સંકલન : ડૉ. આવા શુક્લા (નિયામક, વિદ્યાર્થી સહાય)

સહ-સંકલન : ડૉ. પ્રિયાંકી વ્યાસ - એસોસિયેટ પ્રોફેસર (Lib. & Inf. Sci)
ડૉ. ચેતના શાહ- ગ્રંથપાલ

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
'જ્યોતિર્મય' પરિસર,
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી માર્ગ,
સરખેજ-ગાંધીનગર હાઈવે, છારોડી,
અમદાવાદ-૩૮૨ ૪૮૧

ગ્રાફિક્સ ડિઝાઈન : નિકુલ પટેલ

ટાઈપિંગ : સાહિસ્તા મલેક






<u>સંપાદક</u>

પ્રો.(ડૉ.) અમી ઉપાધ્યાય

કા. કુલસચિવશ્રી

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, 'જ્યોતિર્મય' પરિસર, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી માર્ગ, સરખેજ-ગાંધીનગર હાઈવે, છારોડી, અમદાવાદ-૩૮૨ ૪૮૧. ઈ-મેઈલ : feedback@baou.edu.in | www.baou.edu.in